
# તમારા EASYHALER® નો ઉપયોગ કરવા માટેની સૂચનાઓ

Easyhaler નો ઉપયોગ અને સંગ્રહ કેવી રીતે કરવો તે વિશે વધુ માહિતી માટે ' કૃપા કરીને પેકેજ લીફલેટ જુઓ.

ORION PHARMA

## કેવી રીતે પ્રારંભ કરવું?




- प्रत्येक नयाँ Easyhaler यन्त्र पाउडर सुक्खा राख्नका लागि पन्नी पाउचमा आउँछ।
- જ્યાં સુધી તમે તમારા Easyhaler ' ઇન્હેલરનો ઉપયોગ શરૂ કરવા માટે તૈયાર ન હો ત્યાં સુધી પાઉચ ખોલશો નહીં.
- Easyhaler ' ઉપકરણમાં કાઢી શકાય તેવા ડસ્ટકેપ ધરાવતા માઉથપીસ છે.
- ખાતરી કરો કે જ્યારે તમે Easyhaler' ' ઉપકરણનો ઉપયોગ ન કરતા હો ત્યારે ડસ્ટકેપ, તેના માઉથપીસને ઢાંકીને રાખતું હોય. આ કોઇપણ દવાને આકસ્મિક રીતે બહાર આવતા અટકાવશે.

## EASYHALER® માટે સૂચનાત્મક વિડીઓ


મને સ્કેન કરો

Easyhaler' નો ઉપયોગ કેવી રીતે કરવો, તેનો વિડીઓ જોવા માટે આ પૃષ્ઠ પર આપેલ QR કોડ સ્કેન કરો.

તમે તમારા Easyhalerના ' ઉપકરણ લેબલની બાજુમાં, પેકેજ કાટર્ન પર અને પેકેજ લીફલેટ પર પણ QR કોડ્સ શોધી શકો છો.


વૈકલ્પિક રીતે, આ માહિતી જોવા માટે www.oeh.fi/uk ની મુલાકાત લો.

## તમારા EASYHALER® માંથી ડોઝ કેવી રીતે લેવો?




### 1. હલાવો

- ડસ્ટકેપ દૂર કરો.
- ઇન્હેલરને તમારી તજર્ની અને અંગૂઠાની વચ્ચે રાખો.
- **ઇન્હેલરને સીધી સ્થિતિમાં** 3-5 વખત હલાવો.



### 2. ક્લિક કરો

- **જ્યાં સુધી તમે ક્લિકનો અવાજ** ન સાંભળો ત્યાં સુધી નીચે દબાવો.
- પછી તેને તેની મૂળ સ્થિતિ પર પાછા આવવા દો.




ATC 2025
Association of Translation Companies
Certified Translation produced by
Giraffe Translations
Member No.
2025ATCAC1293

### 3. શ્વાસમાં લો

- ઉપકરણથી દૂર સામાન્ય રીતે શ્વાસ છોડો.
- તમારા હોઠને માઉથપીસની આજુબાજુ સજ્જડ રાખીને, ઇન્હેલરનું માઉથપીસ તમારા મોંમાં મૂકો.
- **મજબૂત અને ઊંડો શ્વાસ લો.**
- તમારા મોંમાંથી ઇન્હેલર બહાર કાઢો અને ઓછામાં ઓછી 5 સેકન્ડ માટે તમારા શ્વાસને રોકી રાખો.
- સામાન્ય રીતે શ્વાસ બહાર કાઢો.
- જો તમારા પ્રિસ્ક્રિપ્શન મુજબ તમારે એક કરતાં વધુ ડોઝ લેવાની જરૂર હોય, તો જ્યારે પણ તમે તમારા ઇન્હેલરનો ઉપયોગ કરો ત્યારે 1 થી 3 પગલાંઓનું પુનરાવતર્ન કરો. એકવાર તમે પૂણર્ કરી લો, પછી માઉથપીસ પરની ડસ્ટ કેપ બદલો.
- જો તમારા Easyhaler' ઉપકરણમાં ઇન્હેલ્ડ કોટીર્કોસ્ટેરોઇડ (પ્રિવેન્ટર) હોય તો ખાતરી કરો કે તમે કોગળા કરીને તમારું મોં અને ગળું સાફ કરો છો અને પછી તે પાણી થૂંકી દો. તેને ગળી જશો નહીં. આ ઓરલ ફંગલ ઇન્ફેક્શન (થ્રશ) ના જોખમને ઘટાડવામાં મદદ કરશે.


# તમારા EASYHALER®નો ઉપયોગ કરવા માટેના નિર્દેશો

## રક્ષણાત્મક આવરણ




- રક્ષણાત્મક આવરણ વૈકલ્પિક છે. રક્ષણાત્મક આવરણ ખોલો અને તેમાં ઇન્હેલર દાખલ કરો.
- રક્ષણાત્મક આવરણનો ઉપયોગ કરતી વખતે, આવરણ ખોલો અને પગલાંઓ સાથે અનુસરો:
  **1. હલાવો, 2. ક્લિક કરો અને 3. શ્વાસમાં લો**
- ડસ્ટકેપ બદલો અને પછી રક્ષણાત્મક આવરણ પરના આવરણને બંધ કરો.

## સફાઈ



- સ્વચ્છ શુષ્ક કપડા અથવા ટિશ્યુથી માઉથપીસ સાફ કરો.
- તમારા Easyhaler® ને સાફ કરવા માટે પાણી અથવા અન્ય પર્વાહીનો ઉપયોગ કરશો નહીં. તમારા ઇન્હેલરની અંદરનો પાવડર પાણી પર્ત્યે સંવેદનશીલ હોય શકે છે.
- જો તમે રક્ષણાત્મક આવરણનો ઉપયોગ કરી રહ્યાં છો, તો તમારે માઉથપીસ સાફ કરવા માટે ઇન્હેલરને કાઢવાની જરૂરી નથી.

## ત્યારે શું કરવું જ્યારે...





### તમે એક કરતા વધુ વાર ક્લિક કયુરં હોય?

- શું તમે અકસ્માતે ઇન્હેલર પર ક્લિક કયુરં? ડોઝની યોગ્ય માતર્ા માટે તમારે એક જ વાર ક્લિક કરવું જોઈએ.

### તમે ઇન્હેલરમાં શ્વાસ બહાર કાઢ્યો?

- શું તમે ઇનહેલરમાં શ્વાસ અંદર લીધો? તમારે ઇનહેલરના માઉથપીસમાં શ્વાસ ન લેવો જોઈએ કારણ કે તેનાથી ઇન્હેલર બંધ થઇ શકે છે.




### ઉકેલ

### માઉથપીસ ખાલી કરો!

- માઉથપીસમાંથી પાવડર ટેબલ ટોપ અથવા તમારા હાથ પર ખાલી કરવા માટે માઉથપીસને ટેપ કરો.
- પછી ફરીથી આ પગલાઓ અનુસરો:
  **1. હલાવો, 2. ક્લિક કરો અને 3. શ્વાસમાં લો.**

## નવું EASYHALER ખરીદવું




- ઇન્હેલરની બાજુમાં ડોઝ કાઉન્ટર આપેલ હોય છે. આ બતાવે છે કે તમારા ઉપકરણમાં કેટલાં ડોઝ બાકી છે.
- દરેક પાંચમા ડોઝ પછી કાઉન્ટર ફરે છે અને પર્દશિર્ત સંખ્યા 10ના એકમમાં ઘટે છે.
- જ્યારે ડોઝ કાઉન્ટર લાલ થઈ જાય છે, ત્યારે 20 ડોઝ બાકી હોય છે. જો તમારી પાસે પહેલેથી નવું ઇન્હેલર ન હોય તો નવા પિર્સ્કિર્પ્શન માટે તમારા ડૉક્ટરનો સંપકર્ કરો.
- **જ્યારે કાઉન્ટર 0 સુધી પહોંચે છે, ત્યારે તમારે ઇન્હેલર બદલવાની જરૂર છે.**
- જો કોઈ રક્ષણાત્મક આવરણ વાપરી રહ્યા હો, તો કૃપા કરીને તેને તમારા આગામી ઇન્હેલર સાથે વાપરવા માટે રાખો.

જો તમને કોઈ આડઅસર થાય, તો તમારા ડૉક્ટર, ફામાર્સિસ્ટ અથવા નસર્ સાથે વાત કરો. આમાં, પેકેજ લીફલેટ પર સૂચિબદ્ધ ન હોય તેવી કોઈપણ સંભવિત આડઅસરોનો સમાવેશ થાય છે. તમે યલો કાડર્ સ્કીમ દ્વારા આડઅસરની જાણ અહીં પણ કરી શકો છો:
www.mhra.gov.uk/yellowcard.
આડઅસરોની જાણ કરીને, તમે દવાની સલામતી વિશે વધુ માહિતી પર્દાન કરવામાં મદદ કરી શકો છો.

આ સામગ્રી રિસાયકલ પેપરનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે

February 2025/EASYH-413e(3)

Orion Pharma (UK) Ltd, Abbey Gardens,
4 Abbey Street, Reading, RG1 3BA, UK

ATC 2025 Association of Translation Companies
Certified Translation produced by Giraffe Translations
Member No. 2025ATCAC1293